# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**<u>અખબારી યાદી</u>** **<u>તા. ૨૬-૮-૨૦૧૦</u>**

- **હુકમનું પાલન કરનારને જેલમાં મોકલનાર અને ગાંધીનગરના મહેલમાં રહેનાર નરેન્દ્ર મોદીની કોઈ જવાબદારી નહીં ? કાયર મોદી ગુજરાતની પ્રજાને જવાબ આપે : કોંગ્રેસની માંગણી**
- **કેતન પારેખ પાસેથી રૂા. ૨.૫ કરોડ, રમણ-દશરથ પટેલ પાસેથી રૂા. ૯૦ લાખ, કૌસરબી-તુલસીરામની હત્યામાં માત્ર ૨૮ અધિકારીઓ અને અમિત શાહ જ જવાબદાર ?**
- **કેન્દ્ર સરકારે સીબીઆઈને સોપારી આપી છે તેવા આક્ષેપો સામે કોંગ્રેસના સણસણતા જવાબો**
- **ગુજરાતમાં સોપારી, ખંડણી અને હત્યાનું રાજકારણ ચલાવતા લોકોના પગ તળે રેલો આવતાં મુખ્યમંત્રીશ્રીએ લવારો શરૂ કર્યો છે : શ્રી શક્તિસિંહ ગોહિલ અને અર્જુન મોઢવાડીયા**
- **ભાજપના સ્થાપનાકાળના આગેવાનો કેશુભાઈ, સુરેશભાઈ તથા કાશીરામ રાણાને અકાળે રાજકીય વનવાસ તથા હરેન પંડ્યાની હત્યા તથા ગુજરાતમાં ખંડણી અને હત્યાના રાજકારણમાં દિલ્હી ભાજપ ધૃતરાષ્ટ્રની ભૂમિકામાં**
- **પાપીએ પશ્ચાતાપ કરવો જોઈએ, નહીં કે પોકળ પોકારો પાડવા જોઈએ.**
- **ગુજરાતને બદનામ કરવાની સોપારી તો ગુજરાતના મુખ્યમંત્રીએ જ લીધી છે.**
- **શું મુખ્યમંત્રીશ્રીને દેશની ન્યાયિક પ્રણાલિકા પર વિશ્વાસ નથી ? જો ખોટું થતું હોય તો નામદાર સુપ્રિમ કોર્ટ પાસે જવું જોઈએ, તેના બદલે સરકારી કાર્યક્રમમાં વિકૃત વાતો કેમ કરે છે ?**

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્ર સરકારની સહાયથી બનેલા અમદાવાદ મહાનગરપાલિકાના પ્રોજેક્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે સીબીઆઈ અને કેન્દ્ર સરકારની કરેલી ટીકાના આકરા પ્રત્યાઘાતો આપતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલે તથા પૂર્વનેતા શ્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં સોપારી, ખંડણી અને હત્યાનું રાજકારણ કરનારાઓના પગતળે રેલો આવ્યો છે. એટલે હવે ગુજરાતની પ્રજા અને વિકાસના મુદ્દાનો ઢાલ તરીકે ઉપયોગ કરાતો હોવાનું જણાવીને ઉમેર્યું હતું કે, સોપારી, ખંડણી અને હત્યાનું રાજકારણ કરનારાઓ તેમના હુકમનું પાલન કરનાર મુઠ્ઠીભર પોલીસ અધિકારીઓને જેલમાં મોકલીને પોતે છટકવા માંગતા હતા, પરંતુ ન્યાયિક પ્રક્રિયાએ આ રાજકીય માફિયાઓની બાજી ઊંધી વાળી દીધી છે.

શ્રી શક્તિસિંહ ગોહિલ અને અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં શ્રી હરેન પંડ્યાની હત્યા કરવામાં આવી. તેમના પરિવારજનોએ ભાજપના આગેવાનો પાસે કાકલુદી કરી, પરંતુ ન્યાય ન મળ્યો. ગુજરાતમાં ‘‘મીની ઈમરજન્સી આવી રહી છે’’ તેવું વિધાન કરનાર તથા ગુજરાતમાં ભાજપનું શાસન લાવનાર માજી મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલની રાજ્યસભાની ટિકીટ કાપવામાં આવી. સુરેશ મહેતા, કાશીરામ રાણા જેવા ભાજપના પાયાના આગેવાનોને ઘરભેગા કરવામાં આવ્યાં. ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ‘‘રાજધર્મ બજાવવો જોઈએ’’ તેવી સલાહ આપીને મોદીનું રાજીનામું માંગનાર અટલબિહારી બાજપેયીને અપમાનિત કરવા નનામા SMSની ઝુંબેશ ચલાવવામાં આવી. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને રાજકીય પડકાર આપી શકે તેવા ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી શ્રી સંજય જોષીની મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના ખાસ માણસો દ્વારા એક મહિલા સાથેની ‘‘સેક્સ સીડી’’ બનાવીને ગુજરાત ATSના પોલીસ અધિકારીઓ મારફત ભારતીય જનતા પાર્ટીના મુંબઈ અધિવેશનમાં આ સીડી વહેંચીને સંજય જોષીની રાજકીય હત્યા કરવામાં આવી. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના ખાસ માફિયા લોકોની સામે

અવાજ ઉઠાવનારા શ્રી મુળુ મોઢવાડિયા અને અમીત જેઠવાની સોપારી આપીને હત્યા કરાવવામાં આવી. માધુપુરા બેંકમાં ગુજરાતની પ્રજાના ૧,૭૫૦ કરોડ રૂપિયા કેતન પારેખે કૌભાંડ કરીને લુંટ્યા હોવા છતાં કેતન પારેખ પાસેથી રૂા. ૨.૫ કરોડ લઈને તેને જેલ મુક્ત રહેવાની સગવડતા અપાઈ અને ગુજરાતમાંથી રાજ્યસભામાં ચૂંટાયેલા અરૂણ જેટલીની વકીલ તરીકેની સેવાઓ કેતન પારેખ મેળવી શક્યા. ખંડણી વસુલ કરવા માટે સોહરાબુદ્દીનની ભાગીદારીમાં પોપ્યુલર બિલ્ડર્સવાળા રમણભાઈ તથા દશરથભાઈ પટેલ ઉપર હુમલો કરાવીને ઉલટાનું ચોર કોટવાલને દંડે તે રીતે તેમની ઉપર જૂઠ્ઠો કેસ તથા પાસાનું વોરંટ કાઢવામાં આવ્યું. આ બંને ભાઈઓ ઉપરથી પાસાનું વોરંટ રદ્દ કરાવવા અમિત શાહે રૂા. ૯૦ લાખની ખંડણી વસુલ કરી. ખંડણી અને હત્યાનું નાટક બહાર આવી જતાં સોહરાબને પતાવી દેવામાં આવ્યો અને તેમની નિર્દોષ પત્ની કૌસરબી તથા તુલસીરામ પ્રજાપતિને પણ પતાવી દેવામાં આવ્યા.

આ બધાં પાપો નરેન્દ્ર મોદી અને અમિત શાહના આશીર્વાદ અને સક્રિય ભાગીદારીથી થયાં હોવા છતાં નરેન્દ્ર મોદીએ ''ન્યાયતંત્ર અને કાયદો કાયદાનું કામ કરે છે'' તે બતાવવા માટે ૨૮ પોલીસ અધિકારીઓને જેલમાં મોકલી દીધા. હકીકતે આમાંના મોટાભાગના અધિકારીઓએ તો પોતાના બોસના હુકમનું જ પાલન કર્યું હતું.

શ્રી શક્તિસિંહ ગોહિલ અને શ્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના દિલ્હી હાઈકમાન્ડે જો સમયસર નરેન્દ્ર મોદીને રૂક જાવ કહ્યું હોત તો ભાજપ બેઆબરૂ થવાથી બચી શક્યું હોત અને ન્યાયતંત્ર અને સીબીઆઈની તપાસમાંથી નરેન્દ્ર મોદી અને અમિત શાહને કાનુનના ગાળીયામાંથી બચાવી શક્યા હોત. પરંતુ નરેન્દ્ર મોદીના લાભો અને ચૂંટણી ફંડના મોહમાં ભાજપ ધૃતરાષ્ટ્ર બની ગયું હતું. હવે જ્યારે કાનુનનો ગાળીયો મજબુત બની રહ્યો છે ત્યારે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં ''સીબીઆઈ ચડી આવી છે''ની બુમરાણો પાડવાનું શરૂ કર્યું છે.

શ્રી શક્તિસિંહ ગોહિલ અને અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, જો મુખ્યમંત્રીશ્રીમાં હિંમત હોય તો રાજ્યના ગૃહમંત્રી અને મુખ્યમંત્રી તરીકે ગુજરાતમાં સોપારી, ખંડણી અને હત્યાના નેટવર્કની જવાબદારી માત્ર અમિત શાહ અને અમુક અધિકારીઓ ઉપર નાંખવાને બદલે પોતે જ લેવી જોઈએ. પરંતુ મુખ્યમંત્રીશ્રી ડરપોક અને કાયર છે. બીજાઓને જેલમાં મોકલીને પોતે ગાંધીનગરના મહેલમાં રહીને ફિલ્મી અદાથી ભાષણો જ કરવાના છે.

ભૂતકાળમાં ભાજપની સરકારે જ સ્વ. હરેન પંડ્યાનો કેસ સીબીઆઈને સોંપ્યો ત્યારે કેમ સીબીઆઈ સામે શંકાઓ નહોતી ? તા. ૨૬-૩-૨૦૦૩ના ગુજરાત સરકારે સ્વ. હરેન પંડ્યાનો કેસ સીબીઆઈને સોંપેલો અને ત્યાર પછી વીએચપીના નેતા જગદીશ તિવારી ઉપરના હુમલાનો કેસ પણ સંલગ્ન જ છે, તેમ કહીને તા. ૨૮-૪-૨૦૦૩ના ભાજપની સરકારે જ સીબીઆઈને કેસ સોંપેલો હતો. તો હવે તુલસીરામ પ્રજાપતિનો કેસ સીબીઆઈને સોંપવામાં ભાજપની ગુજરાત સરકારને શેનો ડર લાગે છે ?

---

પ્રતિ,
તંત્રીશ્રી,

ઉપરોક્ત પ્રેસનોટ આપના અખબારમાં પ્રદર્શિત કરવા માન. વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલે વિનંતી કરી છે.

**(જે. જે. રસાણીયા)**
અંગત મદદનીશ